ખેડૂત આગેવાનોને પારણાં કરાવી આંદોલનનો અંત, મુખ્યમંત્રી અને પુરવઠા મંત્રીનો વ્યક્ત કરાયો આભાર

## ધારાસભ્યની રજૂઆતથી જુવાર ખરીદી વિવાદનો ઉકેલ



**ડભોઈમાં** રાજ્યના 70 ટકા રજિસ્ટ્રેશન ધરાવતા ખેડૂતોને નુકસાનની ભીતિ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.17

છેલ્લા ચારથી પાંચ દિવસથી જુવારની ટેકાના ભાવે ખરીદીની મર્યાદાને લઈને ડભોઈ તાલુકાના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને વિવિધ સ્થળોએ વિરોધ તથા આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટ્ટા) દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ન નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીને કરાયેલી લેખિત રજૂઆત અને ગાંધીનગરમાં યોજાયેલી બેઠક બાદ પ્રશ્નનો સુખદ ઉકેલ આવતા ખેડૂતોનું આંદોલન સમેટાઈ ગયું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ ડો. બી.જે. બ્રહ્મભટ્ટ અને ધારાસભ્ય શૈલેષ મહેતાના હસ્તે ખેડૂત આગેવાનોને પારણાં કરાવી આંદોલનનો અંત લાવવામાં આવ્યો હતો.

ખરીદીની મર્યાદા ઘટાડાતા ખેડૂતોમાં ફાટી નીકળ્યો હતો રોષ

સરકારે અગાઉ હેક્ટર દીઠ 1850 કિલોગ્રામ જુવારની ખરીદીનો નિર્ણય કર્યો હતો અને તે મુજબ ખરીદી શરૂ પણ થઈ હતી. પરંતુ બાદમાં ખેડૂત દીઠ માત્ર 1000 કિલોગ્રામ ખરીદીની મર્યાદા નક્કી કરાતા ખેડૂતોમાં ભારે અસંતોષ ફેલાયો હતો. વિરોધ બાદ મર્યાદા વધારીને 1700 કિલોગ્રામ કરવામાં આવી હતી, તેમ છતાં ડભોઈ તાલુકામાં રાજ્યના કુલ રજિસ્ટ્રેશનના આશરે 70 ટકા ખેડૂતો નોંધાયેલા હોવાથી મોટાભાગના ખેડૂતોને નુકસાન થવાની ભીતિ ઉભી થઈ હતી.

### ગાંધીનગરમાં ચર્ચા બાદ પ્રશ્નનો ઉકેલ, આગેવાનોએ વ્યક્ત કર્યો આભાર

ખેડૂતોના હિતમાં ધારાસભ્ય શૈલેષ મહેતાએ મુખ્યમંત્રી અને પુરવઠા મંત્રી સમક્ષ અગાઉના નિર્ણય મુજબ હેક્ટર દીઠ 1850 કિલોગ્રામ ખરીદી યથાવત રાખવા રજૂઆત કરી હતી. ત્યારબાદ ગાંધીનગર ખાતે ખેડૂત પ્રતિનિધિઓ અને સ્થાનિક આગેવાનો સાથે યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રીએ પ્રશ્નના સકારાત્મક નિરાકરણ માટે સૂચના આપતા ખેડૂતોમાં રાહતનો માહોલ સર્જાયો હતો.

પ્રશ્નના ઉકેલ બાદ સ્થાનિક આગેવાનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી અને ધારાસભ્ય શૈલેષ મહેતાનો આભાર વ્યક્ત કર્યો હતો. જિલ્લા પંચાયત સભ્ય હર્ષિલ પટેલ, તાલુકા પંચાયત સભ્ય કૃણાલભાઈ તથા ન્યાય સમિતિના ચેરમેન શાંતિલાલ વસાવા સહિતના આગેવાનો પણ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ખેડૂતોની સાથે રહી મહત્વની ભૂમિકા ભજવી હતી.

હજારો સફળ નોર્મલ ડિલિવરી અને અનેક સન્માનોથી નવાજાયેલી સેવા

## કેન્સર સામે જંગ છતાં ડૉ. સ્મિતાબેન રાઠવા દર્દીઓની સેવા કરવા અવિરત



(પ્રતિનિધિ) કરજણ, તા.17

ડોક્ટરને ભગવાનનું બીજું સ્વરૂપ માનવામાં આવે છે. આજના સમયમાં જ્યાં કેટલાક કિસ્સાઓમાં તબીબી વ્યવસાય માત્ર કમાણીનું સાધન બની ગયો હોવાના આક્ષેપો થતા હોય છે, ત્યારે કરજણ તાલુકાના મેથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડૉ. સ્મિતાબેન રાઠવા માનવસેવાનું અનોખું ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

છેલ્લા 15 વર્ષથી મેથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સેવા આપતા ડૉ. સ્મિતાબેન રાઠવા હાલમાં કેન્સર જેવી ગંભીર બીમારી સામે લડી રહ્યા છે. પોતે દર્દી હોવા છતાં તેઓ દર્દીઓની પીડા જોઈ પોતાની પીડા ભૂલી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે. શારીરિક અશક્તિ હોવા છતાં તેઓ દરરોજ સવારથી બપોર સુધી અને સાંજે ફરી દર્દીઓની સારવાર માટે હાજર રહે છે. એટલું જ નહીં, રાત્રિના ઈમરજન્સી કેસોમાં પણ તેઓ સતત સેવા આપી રહ્યા છે.

ડૉ. રાઠવા દરરોજ અંદાજે 60થી 70 દર્દીઓની તપાસ કરે છે. સાથે જ ઈમરજન્સી કેસો અને પ્રસૂતિ સંબંધિત દર્દીઓની પણ સંપૂર્ણ જવાબદારી સંભાળે છે. તેમના સેવા કાર્ય દરમિયાન હજારો મહિલાઓની સફળ નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી છે. દર વર્ષે આશરે 250 જેટલી નોર્મલ ડિલિવરી કરાવવાનો જિલ્લાસ્તરે નોંધપાત્ર રેકોર્ડ પણ તેમના નામે નોંધાયેલો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શિનોરમાં વિશ્વ યોગ દિવસ નિમિત્તે સર્વ રોગ નિદાન અને ચિકિત્સા કેમ્પ યોજાયો



**શિનોર :** નિયામક શ્રી આયુષ કચેરી ગાંધીનગર તથા જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી વડોદરાના સંયુક્ત માર્ગદર્શન હેઠળ સરકારી આયુર્વેદ દવાખાના મોટા ફોફળીયા દ્વારા પ્રજાપિતા બ્રહ્મ કુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, શિનોર ખાતે સર્વ રોગ નિદાન અને ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. 12મા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલા આ કેમ્પમાં શિનોરના ગ્રામજનોને યોગના મહત્વ અને તેના આરોગ્યલક્ષી લાભો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગોપાલભાઈ વાનાણી દ્વારા યોગાભ્યાસ કરાવવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન ઉપસ્થિત દર્દીઓના વિવિધ રોગોનું નિદાન કરી જરૂરી ચિકિત્સા આપવામાં આવી હતી. ઉપરાંત યોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ઔષધિય માહિતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સરકારી આયુર્વેદ દવાખાના મોટા ફોફળીયાના મેડિકલ ઓફિસર ડો. નિકુંજ પોપટાણીએ કેમ્પમાં સેવા આપી હતી. કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી આરોગ્ય સેવાનો લાભ લીધો હતો.

### પાદરા ખાતે બેઠક મહાપ્રભુજી મંદિર હવેલીમાં ભક્તિભાવપૂર્વક છાકલીલા મનોરથ યોજાયો



**પાદરા :** પાદરા શહેરના ધાર્મિક અને વૈષ્ણવ પરંપરાના કેન્દ્ર સમાન બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી તથા વિઠ્ઠલનાથજી હવેલી ખાતે સોમવાર તા. ૧૫/૦૬/૨૦૨૬ના રોજ ભક્તિભાવ અને ધાર્મિક ઉલ્લાસ સાથે છાકલીલા મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.VYS ગ્રુપ માસિક બચત ગ્રુપના સહયોગથી યોજાયેલા આ મનોરથમાં વહેલી સવારથી જ વૈષ્ણવ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક મહાપ્રભુજી મંદિર હવેલી તેમજ વિઠ્ઠલનાથજી હવેલી ખાતે ઠાકોરજીને વિશેષ શણગાર, ભોગ અને વિવિધ મનોરથ સેવાઓ અર્પણ કરવામાં આવી હતી. છાકલીલા મનોરથના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી ધર્મલાભ મેળવ્યો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું અને વૈષ્ણવ ભક્તોમાં વિશેષ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર તમામ વૈષ્ણવો તથા સેવાભાવી કાર્યકરોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સાવલી-પાંડુ-ભૂતડીઝાપા રૂટ ઉપર નવી બસ સેવાનો પ્રારંભ કરાયો



**સાવલી :** સાવલી તાલુકામાં અંતરિયાળ વિસ્તારમાં બસ સેવા નામશેષ જેવી થઈ ગઇ છે પરિણામે તાલુકાજનો ને ખાનગી વાહનો પર નિર્ભર રહેવાનો વારો આવ્યો છે અને તેના પગલે તાલુકાજનો ને ભારે આપદા ભોગવવાનો વારો આવ્યો છે જેના પગલે વર્ષો જૂની લોકસમસ્યા સાવલી-પાંડુ-ભૂતડીઝાપા રૂટ પર નવી બસ સેવાની શરૂઆત કરવામાં આવી હતી લાંબા સમયથી સ્થાનિકો દ્વારા વારંવાર કરવામાં આવતી માંગને ધ્યાનમાં રાખી શરૂ કરાયેલી આ બસ સેવાના કારણે વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તેમજ ગ્રામજનોને સીધો લાભ મળનાર છે અને વિદ્યાર્થી વર્ગમાં ભારે ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. આ નવી બસ સેવાનો પ્રારંભ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય કેતન ઇનામદારના હસ્તે બસને ફ્લેગ માર્ચ આપી રવાના કરવામાં આવી હતી. આ વેળાએ સ્થાનિક આગેવાનો, ગ્રામજનો અને મુસાફરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આ નવી બસ સેવા શરૂ થતાં ગ્રામ્ય વિસ્તારના લોકોને અવરજવર કરવામાં વધુ સરળતા રહેશે.

### વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા કક્ષાની પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા - પ્રદર્શન

**છોટાઉદેપુર :** ભારત સરકાર અને ગુજરાત સરકારના દિશા-નિર્દેશ હેઠળ છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા "વિકસિત ભારત સંકલ્પ સંમેલન" અંતર્ગત જિલ્લા કક્ષાની પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા - પ્રદર્શનનું ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાના અધ્યક્ષસ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં સ્થાનિક ખેડૂતોને રાસાયણિક ખાતરો મુક્ત અને પ્રકૃતિ સાથે સુમેળ સાધતી ખેતી પદ્ધતિઓ તરફ વાળવાનો અને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, જિલ્લા કિસાન મોરચાના અધ્યક્ષ બી.ટી. ચુડાસમા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરી ઉપસ્થિત સૌ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિમાં મળતી યોજનાઓનો લાભ લઈ રોગ મુક્ત, ઝીરો બજેટની પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું હતું. વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા કક્ષાની પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા - પ્રદર્શનમાં પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વ્યક્ત કરી પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે ઉપસ્થિત ખેડૂતોને જાણકારી આપી હતી. કાર્યક્રમ સ્થળે પ્રાકૃતિક કૃષિના ઉત્પાદન તેમજ આયામોના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા.જેના મહાનુભાવોના હસ્તે મુલાકાત લેવામાં આવી હતી.

## બાવળિયા-મેથી માર્ગ બિસ્માર વાહનચાલકો ત્રાહિમામ



(પ્રતિનિધિ) કરજણ, તા.17

શિનોર તાલુકાને કરજણ તાલુકા સાથે જોડતો, એક સમયે જીવનરેખા સમાન ગણાતો બાવળિયા-મેથી માર્ગ આજે તેની અવદશા પર આંસુ સારી રહ્યો છે. અંદાજે અઢીથી ત્રણ કિલોમીટરનો આ માર્ગ, જે વર્ષો પૂર્વે નિર્માણ પામ્યો હતો, તે આજે ખાડા-ટેકરા અને ધૂળિયા રસ્તામાં પરિવર્તિત થઈ ગયો છે. આ માર્ગ પરથી પસાર થતા હજારો વાહનચાલકો અને મુસાફરો માટે તે યાતનાનો પર્યાય બની ગયો છે.

નારેશ્વરથી મેથી સુધીના ગામોના રહેવાસીઓ માટે સાધલી અને સેગવા જવા માટે આ માર્ગ સૌથી ટૂંકો અને અનુકૂળ વિકલ્પ છે. દૈનિક ધોરણે હજારો વાહનો આ માર્ગ પરથી પસાર થાય છે, જે તેની વ્યસ્તતા અને મહત્ત્વ દર્શાવે છે. પરંતુ, માર્ગની વર્તમાન સ્થિતિ જોતા, મુસાફરી એક પડકારરૂપ કાર્ય બની ગયું છે. વાહનચાલકોને સતત ખાડાઓથી બચવા માટે મથામણ કરવી પડે છે, જેના કારણે અકસ્માતોનું જોખમ પણ વધ્યું છે.

આ માર્ગની જર્જરિતતાનો સૌથી મોટો ભોગ વિદ્યાર્થીઓ બની રહ્યા છે. બાવળિયા ગામના સૌથી વધુ બાળકો મેથી ખાતે અભ્યાસ અર્થે જાય છે. હાલ બસ સુવિધા ઉપલબ્ધ છે, પરંતુ ચોમાસાની ઋતુમાં આ માર્ગ વધુ બિસ્માર બનવાની સંભાવના છે.

## મેલીવિદ્યાના વહેમમાં દંપતી પર ક્રિકેટ બેટથી જીવલેણ હુમલો

**હુમલામાં** પતિનો હાથ ભાંગ્યો, બૂમાબૂમ થતાં સ્થાનિકો દોડી આવતા હુમલાખોરો નાસી છૂટ્યા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17

છોટાઉદેપુર જિલ્લાના કદવાલ તાલુકાના આંબાખૂંટ ગામે મેલી વિદ્યાના વહેમ રાખીને એક દંપતી પર ઘાતકી હુમલો કરાયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ અંગે ભોગ બનનાર મહિલા ચંપાબેન અરવિંદભાઈ રાઠવા (ઉ.વ. ૫૧) એ કદવાલ પોલીસ સ્ટેશનમાં બે શખ્સો સામે નામજોગ ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, ગત ૧૬ જૂનના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યાના સુમારે આંબાખૂંટ ટાંકી ફળિયામાં રહેતા ચંપાબેનના ઘરે કુંડલ ગામના શંકરભાઈ મળીયાભાઈ રાઠવા અને ઉદેશિંગભાઈ મનસુખભાઈ રાઠવા મોટરસાયકલ પર આવ્યા હતા. શંકરભાઈએ તેમની દીકરીના છોકરા વિશ્વરાજને સાથે લઈ જવાની જીદ કરી હતી. પરંતુ, છોકરાએ જવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને "તમે છોકરા પર મેલી વિદ્યા કરાવી છે જેથી તે અમારી સાથે આવતો નથી" તેમ કહી ઝઘડો કર્યો હતો. ઝઘડો વધતા આરોપી ઉદેશિંગે ફરિયાદીના પતિ અરવિંદભાઈને પકડી રાખ્યા હતા અને શંકરભાઈએ ક્રિકેટ રમવાનું લાકડાનું બેટ ઉઠાવી તેમના પર આડેધડ ઘા ઝીંકી દીધા હતા.

## હમીરપુરા અનાથાશ્રમના 150થી વધુ બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ



(પ્રતિનિધિ) કવાટ, તા.17

કવાંટ તાલુકાના હમીરપુરા ખાતે આર્મી મેન વિજય રાઠવા દ્વારા શરૂ કરવામાં આવેલ માતા પિતા વગરના બાળકો માટે નું એક અનાથાશ્રમ ઉભુ કરવામાં આવ્યું છે જ્યાં બાળકો ને રહેવા જમવાની ઉત્તમ વ્યવસ્થા સાથે નુ એક કેમ્પસ આવેલું છે જ્યાં બાલવાટિકા થી લઈને ધોરણ ૧૨ સુધી ના ૧૫૦ થી વધુ અનાથ બાળકો રહે છે અને નજીક માં આવેલ કવાંટ ની વિવિધ સ્કુલોમાં અભ્યાસ કરે છે, તમામ બાળકોને અંકલેશ્વર મિત્ર મંડળ તથા ગાયત્રી પરિવાર વાસણા રોડ વડોદરા ના સહયોગથી શ્રી રંગ સેવા તીર્થ ફાઉન્ડેશન વડોદરા દ્વારા વર્ષની જરુરીયાત મુજબ ધોરણ પ્રમાણે સ્ટેશનરી વિતરણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ માં જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે થી જિલ્લા ક્ષય અધિકારી ડો બી.એમ ચૌહાણ ઉપરાંત જિલ્લા ટીબી એચઆઈવી કો-ઓર્ડીનેટર વાલસિંગભાઈ રાઠવા તથા શ્રી રંગ સેવા તીર્થ ફાઉન્ડેશન વડોદરા ના કનુભાઈ લિંબાચીયા, અરવિંદભાઈ રાઠવા, અંકલેશ્વર મિત્ર મંડળ તથા તેરલ અનાથાશ્રમ ના સ્થાપક વિજયભાઈ રાઠવા તથા પ્રમુખ લીલાબેન વિજયભાઈ રાઠવા સહિત લાભાર્થી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નિષ્પક્ષ તપાસ અને કાયદેસરની કાર્યવાહીની માંગ ઉઠી

## છોટાઉદેપુર પાલિકા પ્રમુખના કથિત ખોટા જાતિ પ્રમાણપત્ર મુદ્દે રાજકીય ગરમાવો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17

છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખના કથિત ખોટા જાતિ ના પ્રમાણપત્ર મુદ્દે રાજકીય ગરમાવો, પગલા ક્યારે લેવાશે ? આપ ના વિધાનસભા પ્રભારીએ પ્રેસ વાર્તા કરી વહીવટી તંત્ર ને સવાલ. છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબેન કોલી દ્વારા ખોટું અનુસૂચિત જનજાતિ (એસટી) જાતિ પ્રમાણપત્ર મેળવી પદ પ્રાપ્ત કરવામાં આવ્યું હોવાના આક્ષેપોને લઈને જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. છોટાઉદેપુર સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટીના છોટાઉદેપુર વિધાનસભા પ્રભારી વિનુભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે નગરપાલિકા પ્રમુખ મંજુલાબેન કોલીએ કથિત રીતે ખોટું એસટી જાતિ પ્રમાણપત્ર મેળવી ચૂંટણી લડી અને પદ પ્રાપ્ત કર્યું છે. જે છોટાઉદેપુર ના નાગરિકે અરજી કરતા મંજુલાબેન કોલી નું અનુસૂચિત જાતિ નું પ્રમાણપત્ર વિશ્લેષણ સમિતિ દ્વારા રદ કરવામાં આવ્યું છે. છતાં તેમને તંત્ર દ્વારા છાવરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે મામલતદાર કચેરી દ્વારા આ મામલે ત્રણ વખત નોટિસ આપવામાં આવી હોવા છતાં સંબંધિત જાતિ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવ્યું નથી. ઉપરાંત, આ સમગ્ર મામલે અત્યાર સુધી કોઈ સ્પષ્ટ તપાસ કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી, જે અનેક સવાલો ઊભા કરે છે.

500 ઉપરાંતના પ્લોટ પાડવામાં આવ્યા હતા

## ડભોઈના સેગુવાડા ગામે આખેઆખી કેનાલ જ ગાયબ કરી દેતા બિલ્ડરો



(પ્રતિનિધિ) ડભોઈ, તા.17

ડભોઈ તાલુકા ના કુંઢેલા પાસે આવેલ સેગુવાડા મુકામે બિલ્ડરો દ્વારા આખી કેનાલ જ ગાયબ કરી જમીનને સમથળ કરી સાઈટ ઉભી કરી દેવામાં આવી છે. બેતુન નૂર સીટીમાં અંદાજે 500 થી વધુ પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે. આ સોસાયટીના મધ્ય માંથી જ સેગુવાડા માઈનોર કેનાલ પસાર થતી હતી. પરંતુ પોતાની સાઈટ માંથી કેનાલ પસાર થતી હોવાથી આ બિલ્ડરો દ્વારા આખી કેનાલ જ વચ્ચે થી તોડી જમીન સમથળ કરી દેવામાં આવેલ છે.

આ બાબતે સ્થાનિકોએ બિલ્ડરોની કાળી મંથરાવટી વિષે જણાવતા કહેલ કે ખેડૂતો ને કેનાલ નહી મળે તો ચાલશે પરંતુ અમને જગ્યા સમથળ જોઈએ જ જેવી આ બિલ્ડરો માનસિકતા ધરાવે છે. આ બાબતની જાણ થતા વિસ્તારના જિલ્લા પંચાયત સદસ્ય ભાવેશ પટેલને થતા તેઓ દ્વારા આ બાબતે સત્તાધીશોનું ધ્યાન દોરેલ હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

તેઓ એ વધુ માં જણાવેલ કે આ બિલ્ડરો એટલા બેફામ છે કે નર્મદા નિગમની કેનાલના મોટા વાલ સહીતની સામગ્રી જગ્યાએથી કાઢી ને ઉખાડી ફેંકી દેવામાં આવેલ છે. આ બાબતે નર્મદા નિગમના અધિકારી ને પૂછતાં તેઓ એ જણાવેલ છે કે બિલ્ડરોને નોટિસો પણ આપેલ છે અને પોલીસ ફરિયાદ પણ આપવા માં આવેલ છે. અધિકારી એ જણાવેલ કે બિલ્ડરો દ્વારા પાઈપો ના ભૂંગડા નાખી આખી કેનાલ જ તોડી નાખી છે.

અધૂરા માર્ગથી મુસાફરો, ખેડૂતો અને વેપારીઓ મુશ્કેલીમાં

## સાધલી-પોર માર્ગનું કામ અધૂરું રહેતાં ગ્રામજનોમાં રોષ

**ધૂળ**, કપચી અને ખાડાઓથી વાહનચાલકો પરેશાન



(પ્રતિનિધિ) શિનોર, તા.17

વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં સાધલીથી પોરને જોડતા મહત્વના માર્ગનું કામ લાંબા સમયથી અધૂરું પડ્યું હોવાથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે શરૂ કરાયેલ આ માર્ગ સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ તૈયાર ન થતાં મુસાફરો અને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

સાધલીથી પોર સુધીના માર્ગને પહોળો અને સુવિધાસભર બનાવવા માટે કરોડો રૂપિયાનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. માર્ગનું કામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થવાનું હતું, પરંતુ અનેક મહિનાઓ વીતી ગયા છતાં કામગીરી પૂર્ણ થઈ નથી. જેના કારણે રસ્તા પર ધૂળ, કપચી અને ખાડાઓના કારણે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ માર્ગ શિનોર, માલસર સહિતના વિસ્તારોને જોડતો મહત્વનો માર્ગ હોવાથી દરરોજ મોટી સંખ્યામાં લોકો અવરજવર કરે છે. માર્ગ અધૂરો હોવાથી વેપારીઓ, ખેડૂતો અને નર્મદા દર્શન માટે આવતા યાત્રાળુઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અનેક વખત રજૂઆતો કરવા છતાં કામમાં કોઈ ખાસ પ્રગતિ જોવા મળી નથી. બીજી તરફ માર્ગ-મકાન વિભાગ અને કોન્ટ્રાક્ટરની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.

## લોટના દૂધ મંડળીના પૂર્વ મંત્રી સામે પોલીસ ફરિયાદ



(પ્રતિનિધિ) સાવલી, તા.17

સાવલી તાલુકાના લોટના ગામે દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં પૂર્વ મંત્રી દ્વારા રૂ. 6.50 લાખની ઉચાપત ની ફરિયાદ સાવલી પોલીસ મથકે નોંધાતા પોલીસે ગુનોનોંધી તપાસ હાથ ધરી છે.

સાવલી તાલુકાના લોટના ગામે આવેલ સહકારી દૂધ ઉત્પાદક મંડળીમાં ફરી એકવાર નાણાકીય ઉચાપત નો કિસ્સો પ્રકાશ માં આવ્યો છે રૂ. 6.50 લાખથી વધુની નાણાકીય ઉચાપતનો ગંભીર મામલો સામે આવતા સહકારી ક્ષેત્રમાં ચકચાર મચી જવા પામી છે. મળતી માહિતી મુજબ લોટના દૂધ ઉત્પાદક સહકારી મંડળીના નાણાકીય વ્યવહારોના ઓડિટ દરમિયાન રૂ. 6,50,390ની રકમના હિસાબમાં ગેરરીતિ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મંડળીના નાણાં નિયમ મુજબ બેંકમાં જમા કરાવવાના બદલે તેનો અન્યત્ર ઉપયોગ કરવામાં આવ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

સાવલી પોલીસ મથકે આ મામલે મંડળીના પ્રમુખ ઉપેન્દ્રસિંહ મનુસિંહ ચૌહાણે સાવલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં લાલસિંહ અર્જુનસિંહ પરમાર પૂર્વ મંત્રી સામે મંડળીના નાણાંની ઉચાપત તથા વિશ્વાસઘાતના આક્ષેપો કરવામાં આવ્યા છે.

### રિલાયન્સ સાથે રેપોનોનો 20 વર્ષનો ઐતિહાસિક કરાર, બનશે આધુનિક ફ્યુઅલ ટર્મિનલ

વડોદરા: પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં ઓપરેશન્સ એન્ડ મેન્ટેનન્સ (O|M) અને થર્ડ પાર્ટી લોજિસ્ટિક્સ (3PL) સેવાઓ પૂરી પાડતી રેપોનો લિમિટેડે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) સાથે 20 વર્ષનો કરોડો રૂપિયાનો ઐતિહાસિક કરાર કર્યો છે. આ કરાર હેઠળ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પેટ્રોલ, ડીઝલ અને ઈથેનોલ માટે આધુનિક ગ્રીનફિલ્ડ રેલ-ફેડ પેટ્રોલિયમ ઓઈલ (POL) સ્ટોરેજ ટર્મિનલ વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ કંપનીની સ્ટેપ-ડાઉન પેટાકંપની રેપોનો મથુરા ટર્મિનલ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હાથ ધરાશે. રેપોનો પ્રોજેક્ટના એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (EPC) તબક્કાથી લઈને આગામી 20 વર્ષ સુધી ઓપરેશન્સ અને મેન્ટેનન્સની જવાબદારી સંભાળશે.